બાળકને શું બનવું છે
એ બાળકનાં માતા કે પિતા નક્કી કરે
પછી ભલે એમાં બાળકને રસ પડે કે ન પડે
એમાં બાળકને આવડત હોય કે ન હોય
જેને સાહિત્યમાં રસ હોય
એવા બાળકને ડૉક્ટર બનાવવું
અને
જેને ડૉક્ટર બનવું છે
જેનામાં ડૉક્ટર બનવાની આવડત છે
એવા બાળકને ક્રિકેટર બનાવવું
એ મા-બાપની મૂર્ખતા નથી?
અહંકારી જીદ નથી?
બસ એમ જ
બધા કહે છે
કે ભગવાન
તમને મજબૂત અને જ્ઞાની બનાવવા
તમારા જીવનમાં પરીક્ષાઓ મોકલે છે
પણ કોણે કહ્યું કે મારે મજબૂત બનવું છે?
કોણે કહ્યું કે મારે જ્ઞાની બનવું છે?
મને એક વાર પૂછવાનું પણ નહીં?
ક્યારેક તો મને થાય છે
કે શું ભગવાને થ્રી ઇડિયટ ફિલ્મ નહીં જોઈ હોય?

■

ઘણા કહે છે કે
થાય એ થવા દેવાનું
કોઈ પણ સંબંધમાં
કોઈનું ભાગ્ય ન બદલી શકો
આપણે લાચાર મનુષ્ય છીએ
કોઈને ગમે તેટલું ચાહતા હોઈએ
છતાં એનું ભાગ્ય ન બદલી શકીએ
આપણા અનુભવથી એને ન શીખવી શકીએ
એમ કરવાથી સંબંધોમાં તિરાડ પડે
એના કરતાં જેમ ચાલે છે એમ ચાલવા દેવું
એના ભાગ્યની પીડા અને ઠોકરો એને ખાવી જ પડશે
સમય સાથે જેમ થાય એમ થવા દો
પીડાઓ ભોગવીને
અનુભવ લઈને
ઠોકર ખાઈને
એ વ્યક્તિ તમને યાદ કરશે
ત્યારે એ તમને સમજશે
હા,
કોઈનું ભાગ્ય ન બદલી શકાય
એ સત્ય છે
એ અટલ છે
એ વાતમાં કોઈ બે મત નથી
પણ
સામેવાળું આપણને સમજે
એ સંબંધનો હેતુ છે એવું કોણે કહ્યું?

ઠોકરો ખાઈને
પીડા અનુભવીને
કોઈ આપણને સમજે પછી એનો શું મતલબ?
આપણે મનુષ્ય લાચાર છીએ
એ હાર નથી
પણ આપણે લાચાર છીએ
એવું સ્વીકારી લેવું એ હાર છે
એક લાચાર મનુષ્ય તરીકે
લાચારી સામે લડવું
એ જ મનુષ્યજીવનને સાર્થક બનાવે છે
અને
સંબંધનો અર્થ
“કોઈનું ભાગ્ય બદલવું” થાય છે
એવું કોણે કહ્યું?
સંબંધનો અર્થ છે “પ્રયત્ન”
કોઈનું ભાગ્ય બદલવાનો પ્રયત્ન
જે નથી બદલવાનું એ બદલવાનો પ્રયત્ન કરવો
એ જ સંબંધ છે.

■

કલમ પાસેથી એક વાત શીખ્યો છું
કલમ ગમે ત્યાં હોય
કોઈના ખિસ્સામાં
કે કોઈ સ્ટૅન્ડમાં
એનું માથું ઉપર રહે છે
એ ઝૂકે છે
માત્ર કાગળ સામે
કેમ કે કાગળ એને સમજે છે
પણ મજાની વાત એ છે
કે કાગળ એ જાણે છે
કે એ માત્ર મારી સામે ઝૂકે છે
બીજે નહીં
એટલે કાગળ કલમની તીક્ષ્ણ ધાર સહન કરી લે છે
પણ આ તો કાગળ અને કલમની વાત છે
આપણે તો શ્રાપિત માણસ છીએ
આપણે એવું ક્યાંથી, હેં!?

■

મારા માટે ચીટિંગનો અર્થ છીછરો નથી
બહુ વિશાળ છે
કોઈ મિત્ર હોય
ઘરનું સભ્ય હોય
ગર્લફ્રેન્ડ હોય
કે પત્ની હોય
જરૂરી નથી કે એ મારાથી છાનું કૈક કરે
કોઈ ગુનો કે ગુનાને સમકક્ષ કરે
એને જ ચીટિંગ કહેવાય
મારા સિવાય બીજા કોઈ જોડે
એને ચા પીવાનું મન થાય
એને પણ
હું ચીટિંગ સમજું છું
અને મને એ પણ ખ્યાલ છે
કે આ વાત કોઈને સમજાય નહીં
એટલે હું એકાંત પસંદ કરું છું
કારણ કે
કોઈ મોટી ચીટિંગ કરે
તો હું ક્ષણમાં ભૂલી જાઉં
એને મારા જીવનમાંથી અડધી ક્ષણમાં
માત્ર અડધી ક્ષણમાં ભૂંસી નાખું
પણ આ નાની નાની ચીટિંગ
મને ખાઈ જાય...

■